eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 144
May 23, 2008

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની ડીમોલીશન કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)નાં મોજે પરવટ બ્લોક નં.૨૯માં આવેલ ચંદ્રલોક સોસાયટીનાં પ્લોટ નં. ૧૬૨ અને ૧૬૩ તથા બ્લોક નં.૩૦ ગંગાસાગર સોસાયટીના પ્લોટ નં.૪૯,૫૦માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કાર્યવાહી આજ રોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીમોલીશન કામગીરી(ડીડોલી)

મોજે ડીડોલી, બ્લોક નં.૫૧૬,રે.સ.નં. ૩૪૧/૨,૩૪૧/૩, સાંઈનગર સોસાયટીમાં સબ પ્લોટ નં.૩૨૪થી ૩૧૩,૩૧૪ માં મિલ્કતદારો ધ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અંગે અત્રેના શહેર વિકાસ ખાતા દ્રારા સ્થળ તપાસ કરી ઘી.બી.પી.એમ એકટ મુજબની નોટીસ આપવામાં આવેલ તેમ છતાં મિલ્કતદારોએ નોટિસની અવગણા કરી સદરહુ મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ ચાલુ રાખતાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)વિસ્તામાં મોજે–ડીંડોલી, બ્લોક નં.૫૧૩ પૈકી માં સૂડાના મંજુર પુનરાર્વતિતિ વિકાસ નકશા–૨૦૦૪મુજબ " પી–૬૮ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એસ.એમ.સી." ના અનામતપ્લોટની અસરવાળી જગ્યામાં મિલ્કતદાર દ્રારા કરવામાં શરૂ કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત ) વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૩(ડુંભાલ ) ફા.પ્લોટ નં. ૨૨ વાળી મિલ્કતમાં આવેલ મોમીન સોસાયટી વિભાગ –૧ ના સબ પ્લોટ નં.૪૦ તથા ૪૧ માં મિલ્કતદારશ્રી હસનભાઈ અહમભાઈ મુસાજી ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર હયાત બીજામાળ પર આર.સી.સી. કોલમ ઉભા કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા દ્રારા વરાછા ઝોન ખાતે વરાછા ઝોન ઓફિસના મકાનની ખાતમુહૂર્તવિધિ,મલ્ટી લેયર પાર્કીગના મકાનની ખાત મુહૂર્તવિધિ તથા કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્તવિધિ માનનીય મેયરશ્રી ડો .કનુભાઈ માવાણીના વરદ હસ્તે આજરોજ તા.૨૧/૦૫/૨૦૦૮ના બુધવારે સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) નાં મોજે પરવટ બ્લોક નં. ૨૯ માં આવેલ ચંદ્રલોક સોસાયટીનાં પ્લોટ નં. ૧૬૨ અને ૧૬૩ તથા બ્લોક નં.૩૦ ગંગાસાગર સોસાયટી નાં પ્લોટ નં. ૪૯,૫૦ માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કાર્યવાહી આજરોજ તા.૧૫/૫/૦૮ ના દિવસે દબાણ વિભાગ દ્રારા હાથ ઘરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## નાયબ આરોગ્ય અધિકારી / આસી. જંતુનાશક અધિકારી / સેનેટરી ઈન્સ્પેકટરોની બદલી

સુરત મહાનગરપાલિકામાં આગામી ચોમાસુ ઋતુ તેમજ પ્રિ–મોન્સુનની કામગીરી અસરકારક તેમજ આરોગ્ય ખાતાને વધુ ગતિશીલ બનાવવા ૩(ત્રણ)નાયબ આરોગ્ય અધિકારી,૮(આઠ) આસી.જંતુનાશક અધિકારી ઓની તથા ૧૨ (બાર) સેનેટરી ઈન્સ્પેકટરો મળી કુલ–૨૩ અધિકારી /કર્મચારી ઓની બદલી અંગેના હુકમો કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોનની કમગીરી

સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારના મુખ્ય રસ્તાઓ પરના ફુટપાથ પર થયેલ લારી–ગલ્લાના કાયમી દબબાણને કારણે ગંદકી પુષ્કળ થાય છે. સદર લારી ગલ્લાં કાયમી ફુટપાથ પર રાત્રી દબાણ કરવામાં આવે છે જે દુર કરવાની કામગીરી તા.૧૪/૫/૨૦૦૮ના રોજ રાત્રે ૯–૦૦ કલાક થી રાત્રે ૧૨–૩૦ કલાક ના સમયગાળા દરમ્યાન હાથ ધરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની ડીમોલીશન કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)નાં મોજે પરવટ બ્લોક નં.૨૯માં આવેલ ચંદ્રલોક સોસાયટીનાં પ્લોટ નં. ૧૬૨ અને ૧૬૩ તથા બ્લોક નં.૩૦ ગંગાસાગર સોસાયટીના પ્લોટ નં.૪૯,૫૦માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કાર્યવાહી આજ રોજ તા.૧૫/૫/૦૮ ના દિવસે દબાણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ. ડિમોલસશનની કામગીરી કરવામાં આવેલ અને મિલ્કતદારો પાસેથી રૂા. ૨૦,૦૦૦/– ડિમોલીશન ચાર્જ અને રૂા.૨૦,૦૦૦/– ડિપોઝીટ પેટે વસૂલ લેવામાં આવેલ છે.

TOP

## ડીમોલીશન કામગીરી(ડીડોલી)

મોજે ડીડોલી, બ્લોક નં.૫૧૬,રે.સ.નં. ૩૪૧/૨,૩૪૧/૩, સાંઈનગર સોસાયટીમાં સબ પ્લોટ નં.૩૨૪થી ૩૧૩,૩૧૪ માં મિલ્કતદારો ધ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અંગે અત્રેના શહેર વિકાસ ખાતા દ્વારા સ્થળ તપાસ કરી ઘી.બી.પી.એમ એકટ મુજબની નોટીસ આપવામાં આવેલ તેમ છતાં મિલ્કતદારોએ નોટિસની અવગણા કરી સદરહુ મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ ચાલુ રાખતાં તા.૧૩/૫/૦૮ નાં રોજ અત્રે દબાણખાતાની મદદથી કાયદેસરની કાર્યવાહી કરી ડિમોલીશનની કામગીરી કરી આશરે ૪૦૦૦ ચો.ફુટ ક્ષેત્રફળનું બાંધકામ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. કામગીરી દરમ્યાન લાગુ આજુ–બાજુનાં પ્લોટોના બાંધકામ ને સ્ટ્રકચર સ્ટેબીલીટીની દ્રષ્ટિએ નુકશાન ન થાય તે હેતુંથી મિલ્કતદારો પાસેથી રૂા.૨૫૦૦૦/– ડીમોલીશન ડીપોઝીટ તથા રૂા.૨૫૦૦૦/– ડીમોલીશન ચાર્જ તરીકે વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)વિસ્તામાં મોજે–ડીંડોલી, બ્લોક નં.૫૧૩ પૈકી માં સૂડાના મંજુર પુનરાર્વતિતિ વિકાસ નકશા–૨૦૦૪મુજબ '' પી–૬૮ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એસ.એમ.સી.'' ના અનામતપ્લોટની અસરવાળી જગ્યામાં મિલ્કતદાર દ્વારા કરવામાં શરૂ કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અંગે અત્રેના શહેર વિકાસ વિભાગ દ્વારા સ્થળ તપાસ કરી ઘી.બી. પી.એમ.સી. એકટ મુજબની નોટિસો આપવામાં આવેલ તેમછતાં મિલ્કતદારોએ નોટિસની અવગણા કરી સદરહું ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કાર્યવાહી નહીં કરતા આજરોજ તા.૧૬/૦૫/૨૦૦૮ ના રોજ અત્રે ના દબાણખાતાની સ્ટાફની મદદથી ડિમોલીશનની કામગીરી હાથ ધરી આશરે ૨૨૦૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળના ગેરકાયદેસર બાંધકામને દુર કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત ) વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૩(કુંભાલ ) ફા.પ્લોટ નં. ૨૨ વાળી મિલ્કતમાં આવેલ મોમીન સોસાયટી વિભાગ –૧ ના સબ પ્લોટ નં.૪૦ તથા ૪૧ માં મિલ્કતદારશ્રી હસનભાઈ અહમભાઈ મુસાજી ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર હયાત બીજામાળ પર આર.સી.સી. કોલમ ઉભા કરી તથા દિવાલોનું ચણતર કામ કરી ત્રીજામાળનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરવામાં આવેલ. ઝોનના શહેર વિકાસ ખાતા ભ્વારા કાયદેસરની કાર્યવાહી કરી ઘી.બી.પી. એમ.સી.એકટનસ કલમ મુજબ નોટિસ આપવામાં આવેલ તેમ છતા મિલ્કતદાર દ્વારા બાંધકામ ચાલુ રખાતા આજરોજ ડિમોલીશન ની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અને ત્રીજા માળનું ૧૯૫૦ ચો.ફૂટ બાંધકામ દૂર કરવામાંઆવેલ અને ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## વરાછા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ઝોન ખાતે વરાછા ઝોન ઓફિસના મકાનની ખાતમુહૂર્તવિધિ,મલ્ટી લેયર પાર્કીંગના મકાનની ખાત મુહૂર્તવિધિ તથા કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્તવિધિ માનનીય મેયરશ્રી ડો .કનુભાઈ માવાણીના વરદ હસ્તે આજરોજ તા.૨૧/૦૫/૨૦૦૮ના બુધવારે સંપન્ન થઈ. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ માનનીય ડે.મેયરશ્રી શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, માનનીય ધારા સભ્યશ્રી નાનુભાઈ વાનાણી, માનનીય અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ અને માનનીય નેતાશ્રી શાસક પક્ષ ડો. જગદીશભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા.

વરાછા ખાતે બ્રહમકુમારી આશ્રમની બાજુમાં ખાતમુહૂર્ત થયેલ ઝોન ઓફિસ માટે નવા વહીવટી ભવન કચેરીનું નિર્માણ અંદાજે રૂા.૨,૩૨,૨૪,૫૦૦ ના ખર્ચે સાકાર થશે.આ ભવનમાં ગ્રાઉન્ડફલોર તથા બે માળ ની ઈમારત બે પાર્ટમાં સાકાર થશે. ગ્રાઉન્ડફલોર ખાતે સીટી સીવીક સેન્ટર, સદસ્ય કોન્ફોરન્સ રૂમ, સદ્દસ્યશ્રીઓનો રૂમ તથા જુદા જુદા ખાતાઓ ની ઓફિસો તથા વોચમેન કેબીન નું નિર્માણ કરવામાં આવશે.આ ઉપરાંત વિશાળ ફોયર,ટેલિફોન,રીસેપ્શન,લેડીઝ,જેન્ટસ ટોયલેટ,તેમજ ૬૦ વ્યકિત બેસી શકે તે મુજબ ની કેન્ટીન રસોડું ત્રસ્ટોર સહિતનું સુવિધા વાળું ગાર્ડનીંગ થઈ શકે તે મુજબ ગાર્ડનનો ભાગ વિશાળ પાર્કીંગની સુવિધા સહિત,પ્રથમ માળ ખાતે ઝોનલ ચીફ ઓફિસ, બે કાર્યપાલક ઈજનેર ઓફિસ, છ ડેપ્યુટી ઈજનેર ઓફિસ, કોમ્પ્યુટર રૂમ, કોમ્પ્યુટર લેબ અને ચાર વિભાગોની ઓફિસો સાકાર થશે.બીજા માળ ખાતે ૪૦ સભ્યો એકસાથે બેસી શકે તેવો મીંટીગ હોલ તથા ચાર અન્ય ખાતાઓ માટેના રૂમનું નિર્માણ થશે. આ ઉપરાંત દરેક માળ પર લેડીઝ,જેન્ટસ ટોયલેટ જરૂરિયાત મુજબ પેન્ટ્રી રૂમ, ઓફિસર્સ ટોયલેટ તેમજ ત્રીજા માળ પર આર.સી.સી. પોચ/કેનોપી સહિતની સુવિધા મળશે.ભવનના પાર્ટ બી ખાતે જનરેટર રૂમ,વોચમેન કેબીન, અને કેન્ટીનની રચના કરવામાં આવી છે. સદર ભવન નું ક્ષેત્રફળ અંદાજે ૪૩૦૦ ચોરસ મીટર છે. ભવિષ્યમાં લીફટની આશ્યકતા જણાય તો તેમાટે જરૂરી સીવીલ વર્કનું પ્રોવિજન હાથ ધરવામાં આવેલ છે. તેમજ એક માળ વધારાનું આયોજન કરવામાં આવેલ છે.



સરદાર સ્મૃતિભવનની બાજુના પ્લોટમાં સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રથમવાર મલ્ટી લેયર પાર્કીંગનું ભવન અંદાજે રૂા.૩,૧૫,૮૦,૮૦૦ નાખર્ચે નિર્માણ થનાર છે. સદર ભવનમાં બેઝમેન્ટ વિસ્તાર ૨૦૬૬ ચોરસ મીટર રહેશે. ૯૦ નંગ ફોર વ્હીલરની ક્ષમતા ધરાવશે જેમાં એક દાદર અને એક લીફટડકટ નું આયોજન કરવામાં આવ્યું છે.ફોરવ્હીલર વાહન વ્યવહાર લઈ જવા માટે બંને સાઈડમાં રેમ્પ સહિત ચારે બાજુ વેન્ટીલેશનની સુવિધા રહેશે. ગ્રાઉન્ડ ફલોર ખાતે ૧૭૯૨ ચોરસ મીટર વિસ્તારમાં ૯૨ નંગ ફોર વ્હીલરની ક્ષમતા ધરાવતી પાર્કીગ વ્યવસ્થા કરવામાં આવશે. જેમાં દાદર એક, લીફટ ડકટ એક અને લેડીઝ,જેન્ટસ ટોયલેટની વ્યવસ્થા રહેશે.ગ્રાઉન્ડ ફલોર થી ઉપરના માળ પર વાહન લઈ જવા માટેનું સરકયુલર રેમ્પ તથા મુખ્ય માર્ગથી પ્રવેશવા માટેના ત્રણ ગેટ રાખવામાં આવેલ છે.પ્રથમ માળ ખાતે ૧૮૦૪ ચોરસ મીટર વિસ્તારમાં ૨૯૫ ટુવ્હીલર પાર્કીંગની વ્યવસ્થા રાખવામાં આવી છે. જેમાં દાદર નંગ એક અને લીફટ ડકટ નંગ એકની વ્યવસ્થા રાખવામાં આવશે.પ્રથમ માળ ખાતે આ ઉપરાંત ૧૩૮ ચોરસ મીટર વિસ્તારની રેસ્ટોરન્ટ, એક કીચન અનેલેડીઝ,જેન્ટસ ટોયલેટ ની વ્યવસ્થા કરવામાં આવી છે.બીજા માળ ખાતે ૧૮૩૯ ચોરસ મીટર વિસ્તારમાં ૩૧૮ નંગ ટુ વ્હીલર પાર્કીંગની વ્યવસ્થા તેમજ દાદર નંગ એક અને લીફટ ડકટની વ્યવસ્થા રાખવામાં આવેલી છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ટ્રાફિક સમસ્યાના હલ માટે શહેરમાં રીવર બ્રીજ, ફલાય ઓવર બ્રીજ બનાવી ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવા મહદઅંશે પ્રયાસ કરેલ છે. તેથી આગળ વધી ટ્રાફિક પાર્કીગ ની સમસ્યાના ઉકેલ માટે ડાયમંડ સીટી,સીલ્ક સીટી થી જાણીતા થયેલ શહેરમાં ડાયમંડ સીટીમાં ડાયમંડ ના વેપારીઓ માટે પાર્કીગ ની વ્યવસ્થા માટે મલ્ટી લેવલ પાર્કીગ નું બાંધકામ હાથ ધરી નવું નજરાણું શહેરને પ્રસ્તુત કરશે.

વરાછા ખાતે વલ્લભાચાર્ય રોડ હીરાબાગ પી.પી.સવાણી સ્કૂલની નજીકમાં અંદાજે રૂા.૬૨,૯૭,૯૦૦ ના ખર્ચે કોમ્યુનીટીહોલ નું નિર્માણ હાથ ધરાશે. જેમાં ગ્રાઉન્ડ ફલોર ખાતે રસોડું, બે સ્ટોર,ઓફિસ,ચોકડી,લેડીઝ,જેન્ટસ ટોયલેટ તથા પાર્કીંગની સુવિધા રહેશે. પ્રથમ માળ ખાતે એક હોલ લેડીઝ તેમજ જેન્ટસ ચેઈન્જરૂમ (બાથરૂમ તથા ટોયલેટની સુવિધા સાથે)તથા અંડરગ્રાઉન્ડ અને ઓવર હેડ ટાંકી (૧૫૦૦૦ લીટર) ની સુવિધા રહેશે. ભવિષ્યમાં એક માળ વધારો થઈ શકે તે રીતે સ્ટ્રકચરલ ડીઝાઈન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે આમંત્રિત મહાનુભાવો ઉપરાંત સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ, કર્મચારી ગણ તથા વિશાળ સંખ્યામાં જનમેદનીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) નાં મોજે પરવટ બ્લોક નં. ૨૯ માં આવેલ ચંદ્રલોક સોસાયટીનાં પ્લોટ નં. ૧૬૨ અને ૧૬૩ તથા બ્લોક નં.૩૦ ગંગાસાગર સોસાયટી નાં પ્લોટ નં. ૪૯,૫૦ માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કાર્યવાહી આજરોજ તા.૧૫/૫/૦૮ ના દિવસે દબાણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ. ડિમોલીશન ની આ કાર્યવાહી માં આશરે ૨૦૦૦ ચો.ફૂટના બાંધકામમાં ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ અને મિલ્કતદારો પાસેથી રૂા.૨૦,૦૦૦/– ડિમોલીશન ચાર્જ અને રૂા. ૨૦,૦૦૦/– ડિપોઝીટ પેટે વસૂલ લેવામાં આવેલ છે.

TOP

## નાયબ આરોગ્ય અધિકારી / આસી. જંતુનાશક અધિકારી / સેનેટરી ઈન્સ્પેકટરોની બદલી

સુરત મહાનગરપાલિકામાં આગામી ચોમાસુ ઋતુ તેમજ પ્રિ–મોન્સુનની કામગીરી અસરકારક તેમજ આરોગ્ય ખાતાને વધુ ગતિશીલ બનાવવા ૩(ત્રણ)નાયબ આરોગ્ય અધિકારી,૮(આઠ) આસી.જંતુનાશક અધિકારી ઓની તથા ૧૨ (બાર) સેનેટરી ઈન્સ્પેકટરો મળી કુલ–૨૩ અધિકારી /કર્મચારી ઓની બદલી અંગેના હુકમો કરવામાં આવેલ છે. જે પૈકી નાયબ આરોગ્ય અધિકારી/આસી. જંતુનાશક અધિકારી ઓની બદલીની ટુંકી વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | ડો.કે.એ.શ્રોફ, નાયબ આરોગ્ય અધિકારી નોર્થ ઝોનની બદલી ઈસ્ટ ઝોન ખાતે ડો. કે.આઈ.ખત્રીની જગ્યાએ કરવામાં આવેલ છે. |
| (૨) | ડો.એચ.સી.ભટ્ટ, નાયબ આરોગ્ય અધિકારી વેસ્ટ જોન હાલ ફરજ પુના સીમાડા નવો વિસ્તાર ઈસ્ટ ઝોનની બદલી સાઉથ ઝોન ખાતે ડો.એમ.એન.પટેલની જગ્યાએ કરવામાં આવેલ છે. |
| (૩) | ડો. એમ.એન. પટેલ, નાયબ આરોગ્ય અધિકારી સાઉથ જોનની બદલી નોર્થ ઝોન ખાતે ડો.કે.એ.શ્રોફ ની જગ્યાએ કરવામાં આવેલ છે. |
| (૪) | નીચે જણાવેલ આસી.જંતુનાશક અધિકારીઓની તેઓનાં નામ સામે જણાવેલ ઝોન/ખાતામાં બદલી અંગેના હુકમો કરવામાં આવેલ છે. |

| અ. નં. | આસી. જંતુનાશક અધિકારીનું નામ | હાલનું ઝોન / ખાતાનું નામ | બદલીનું ઝોન / ખાતાનું નામ |
|---|---|---|---|
| 1. | શ્રી એન.બી. સુથાર | ઈસ્ટ ઝોન | નોર્થ ઝોન |
| 2. | શ્રી જે.પી.વાગડીયા | નોર્થ ઝોન | ઈસ્ટ ઝોન |
| 3. | શ્રી ગાયત્રીબેન આર.જરીવાલા | સેન્ટ્રલ ઝોન | વેસ્ટ ઝોન |
| 4. | શ્રી જે.ડી. પટેલ | વેસ્ટ ઝોન | સાઉથ વેસ્ટ ઝોન |
| 5. | શ્રી જે .બી.પવાર | સાઉથ વેસ્ટ ઝોન | સાઉથ ઈસ્ટ ઝોન |
| 6. | શ્રી આર. એસ. માંડેલકર | સાઉથ ઈસ્ટ ઝોન | સેન્ટ્રલ ઝોન (સમગ્ર વિસ્તાર) |
| 7. | શ્રી કે.બી.દેસાઈ | મુખ્ય કચેરી | સાઉથ ઝોન |
| 8. | શ્રી કે. જી.વૈષ્ણવ | સાઉથ ઝોન ઉપરાંત ફરજ મુખ્ય કચેરી | મુખ્ય કચેરી (ફાઈલેરીયા/મેલેરીયા) |

TOP

## સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોનની કમગીરી

સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારના મુખ્ય રસ્તાઓ પરના ફુટપાથ પર થયેલ લારી–ગલ્લાના કાયમી દબબાણને કારણે ગંદકી પુષ્કળ થાય છે. સદર લારી ગલ્લાં કાયમી ફુટપાથ પર રાત્રી દબાણ કરવામાં આવે છે જે દુર કરવાની કામગીરી તા.૧૪/૫/૨૦૦૮ના રોજ રાત્રે ૯–૦૦ કલાક થી રાત્રે ૧૨–૩૦ કલાક ના સમયગાળા દરમ્યાન હાથ ધરવામાં આવેલ જેમાં સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં આવેલ મીશન હોસ્પિટલ ની ગલી, મીશન હોસ્પિટલ થી પોલીસ પરેડ ગ્રાઉન્ડ થઈ પાર્લે પોઈન્ટ ,પાર્લે પોઈન્ટ થી એસ.વી.આર. થઈઈ કરગીલ ચોક થઈ વેસુ હવેલી સુધીના મુખ્ય રસ્તા પર તથા કાપડીયા હેલ્થ કલબવાળો વિસ્તાર વિગેરે રસ્તાઓ પર થયેલ લારી ગલ્લા ના કાયમી દબાણ દુર કરાયેલ છે. આ કામગીરી અંતગર્ત ખુલ્લી લારી, કાઉન્ટર, છાપરાવાળી લારી વિગેરે મળી કુલ ૫૬ તથા કુલ–૩ પાથરણા/કેબીનોનું દબાણ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડેપ્યુટી કમિશનરશ્રી (સ્પે.) ની સૂચના મુજબ સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોનમાં તમામ ડેપ્યુટી ઈજનેરશ્રીઓ,તમામ ટેકનીકલ સ્ટાફ,સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન, વેસ્ટ (રાંદેર) ઝોન, નોર્થ (કતારગામ) ઝોન તથા સાઉથ–ઈસ્ટ(લિંબાયત) ઝોનના દબાણ સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફના સાથ સહકારથી હાથ ધરવામાં આવેલ હતી.

TOP